सत्यमेव जयते

| | |
|---|---|
| દાખલ તારીખ | **06/04/2024** |
| રજીસ્ટર્ડ તારીખ | **06/04/2024** |
| ફેંસલ તારીખ | **08/06/2026** |
| સમયગાળો | વર્ષ– માસ – દિવસ |

## કલોલના મે. અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ( શ્રી એન. જે. નાચી ) સાહેબની કોર્ટ સમક્ષ, મુ. કલોલ, જી. ગાંધીનગર.

**ક્રિમીનલ કેસ નં.૯૪૫/૨૦૨૪**
**આંક –**

ફરિયાદી : **અવધૂત ફાઇનાન્સ પેઢીના માલિક,**
**જોષી દેવાંગ હસમુખભાઇ.**
ઉ.વ.પુખ્ત, ધંધો – વેપાર,
રહે. ૧૦૧, પાર્ક એવન્યુ, વર્ધમાન નગર,
મુ.તા. કલોલ, જી. ગાંધીનગર.

**વિરૂદ્ધ**

આરોપી : **ઈરફાન મહમ્મદહુસૈન મલેક**
રહે. નાનો મલેક વાસ, એન.કે ચોક પાસે,
મુ.તા. કલોલ, જી. ગાંધીનગર.

---

**ગુન્હોઃ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ, ૧૮૮૧ ની કલમ–૧૩૮ મુજબ.**

---

**ફરિયાદ પક્ષ તરફે** : વિદ્વાન વકીલશ્રી આર. એસ. જોષી.

**આરોપી પક્ષ તરફે** : વિદ્વાન વકીલશ્રી ઝેડ. એન. પઠાણ.

---

**–: જજમેન્ટ :–**

**કેસની ટૂંકમાં હકીકતઃ–**

(૦૧) ફરિયાદી પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, ફરિયાદી કલોલ મુકામે અવધૂત ફાઇનાન્સના નામે ઉપર જણાવેલ સરનામે સરકાર માન્ય ધારા ધોરણ મુજબ નાણા ધીરધાર કરવાનો ધંધો કરે છે અને ફરિયાદીની પેઢીનો રજી. નંબર. જીએમએલ/૦૧/સી/ગાંધી/કલોલ/૮૯/૨૦૨૦ થી સરકારી કચેરીમાં રજીસ્ટર્ડ કરાવેલ છે અને તે બદલ ફરિયાદી સરકાર દ્વારા નકકી કરેલ વાર્ષિક ૧૫ ટકાના વ્યાજ દર ઉપર નાણાં આપવાનો વેપાર કરે છે.

ફરિયાદીનું ફરિયાદ વિગતે કથન છે કે, આ કામના આરોપી ગઇ તા.૦૯/૧૧/૨૦૨૩ ના રોજ ફરિયાદીની પેઢીમાં આવેલ અને સામાજીક કારણોસર તાત્કાલીક નાણાંની જરૂરિયાત ઉત્પન્ન થયેલ હોવાનું જણાવી આરોપીએ ફરિયાદી પાસેથી રૂ.૬,૦૦,૦૦૦/– ની માંગણી કરતા ફરિયાદીએ તેમની પેઢીના કરન્ટ ખાતાવાળી બેંક આઇ.ડી.બી.આઇ. બેંક કલોલ શાખાનો રૂ.૬,૦૦,૦૦૦/– પુરાનો ચેક નં.૧૫૧૭૫૨ વાળો ચેક આરોપીના નામનો આપેલ જે ચેક આરોપીએ તેમની બેંકમાં જમા કરાવીને ઉકત રકમ મેળવી લીધેલ. સદર નાણાં ફરિયાદીએ આરોપીને વાર્ષિક ૧૫ ટકાના વ્યાજ દર ઉપર આપેલ અને નાણાં આપતી વખતે સરકારશ્રી દ્વારા નકકી કરેલા તમામ નિયમોથી આરોપીને વાકેફ કરેલા અને આરોપીએ પેઢીખા નિયમોથી સહમતી દાખવી સદર રકમ લીધેલ અને આરોપીએ સદર રકમ ત્રણ માસની અંદર એટલે કે ફેબ્રુઆરી – ૨૦૨૪ સુધીમાં ફરિયીને પરત આપવાનું જણાવેલ. ત્યારબાદ સમય મર્યાદા પૂર્ણ થતાં ફરિયાદીએ આરોપી પાસેથી ફેબ્રુઆરી – ૨૦૨૪ માં કાયદેસરની લ્હેણી નીળકતી રકમની ઉઘરાણી કરતા ફરિયાદી પેઢીમાંથી લીધેલ ધીરાણ રૂ.૬,૦૦,૦૦૦/– ની રકમની અદાયગી પેટે આરોપીએ તેમના ખાતા વાળી આઇ.ડી.બી.આઇ. બેંક, કલોલ શાખાના ખાતા નં.૧૨૮૨૧૦૪૦૦૦૧૨૯૦૨૨ નો તા.૨૦/૦૨/૨૦૨૪ ના રોજનો

ફરિયાદીની પેઢીના નામનો રૂા.૬,૦૦,૦૦૦/– પુરાનો ચેક નં.૨૯૪૨૯૯ વાળો ચેક આરોપીએ તેમની સહી કરીને ફરિયાદીને આપેલ. ત્યારબાદ સદર ચેક ફરિયાદીએ તેમની પેઢીના ખાતાવાળી બેંક આઇ.ડી.બી.આઇ. બેંક, કલોલ શાખામાં તા.૨૦/૦૨/૨૦૨૪ ના રોજ જમા કરાવતા સદર ચેક તા.૨૧/૦૨/૨૦૨૪ ના રોજ ''**ફંડ ઇનસફિશીયન્ટ**'' ના શેરા સાથે પરત આવેલ જે બાબતની જાણ આરોપીને કરી અને ફરિયાદીની કાયદેસરની લ્હેણી રકમ ચૂકવી જવા તથા આરોપીનો અસલ ચેક રીટર્ન મેમો સાથે પરત લઈ જવા ફરિયાદીએ જણાવેલ પરંતુ, આરોપી ફરિયાદીને માત્ર ખોટા વાયદા આપતા હતા અને કોઈ સંતોષકારક જવાબ આપેલ નહી કે ફરિયાદીની કાયદેસરની લ્હેણી રકમ ચૂકવી આપેલ નહી અને ફરિયાદીને સદર રકમ લેવા સારું વારંવાર આરોપીના સરનામે ધકકા ખાવાની ફરજ પડેલ. જેથી, ફરિયાદીએ એડવોકેટશ્રી મારફત કાનૂની નોટીસ આર.પી.એ.ડી.થી તા.૧૨/૦૩/૨૦૨૪ ના રોજ રજીસ્ટર પોસ્ટ એ.ડી.થી ચેક રીટર્ન આવ્યાની જાણ કરતી અને ફરિયાદીની કાયદેસરની લેણી રકમ પરત ચૂકવી આપવા બાબતેની નોટીસ આ કામના આરોપીને મોકલાવેલ જે નોટીસ આરોપીને તા. ૧૩/૦૩/૨૦૨૪ ના રોજ બજી ગયેલ પરંતુ આરોપીએ નોટીસની સૂચનાનું પાલન કરેલ નથી કે ફરિયાદીની કાયદેસરની લ્હેણી રકમ ફરિયાદીને પરત આપેલ નથી અને ફરિયાદીની નોટીસનો ખોટો અને ઉડાઉ જવાબ મોકલી આપેલ. આમ, આ કામના આરોપીએ નેગોશીએબલ ઈન્સ. એક્ટની કલમ–૧૩૮ મુજબનો ગુન્હો કરેલ હોઈ, ધોરણસરની કાર્યવાહી કરવા તથા ફરીયાદી પાસેથી આરોપીએ લીધેલ રકમ પરત અપાવવા તથા વળતર અપાવવા હુકમ ફરમાવવા અરજ કરેલ છે.

ફરિયાદીની ફરિયાદ સાથે સરતપાસનું સોગંદનામું તથા અસલ દસ્તાવેજી પુરાવા રજુ થતાં આરોપી સામે પ્રથમ દર્શનીય ગુન્હો જણાઈ આવતાં અદાલતે આરોપી વિરૂદ્ધ વટાઉ ખત અધિનિયમની કલમ–૧૩૮ મુજબ પ્રોસેસ ઈસ્યુનો હુકમ કરેલ.

**ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૦૭ અન્વયે કેસ પેપર્સની નકલોઃ–**

(૦૨) ફરિયાદીની ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૦૦ મુજબ સદર ફરિયાદ રજીસ્ટરે દાખલ કરી, આરોપી સામે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની

કલમ–૧૩૮ મુજબ સમન્સ કાઢવાનો ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૦૪ અન્વયે હુકમ કરવામાં આવેલ છે. જે સમન્સ આરોપીને ધોરણસર બજી જતાં આરોપી અત્રેની કોર્ટ સમક્ષ ઉપસ્થિત થતાં આરોપીને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૦૭ મુજબ ફરિયાદ તથા દસ્તાવેજી પુરાવાની નકલ મળી ગયાની ખાતરી કર્યા બાદ આરોપીનું ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૫૧ મુજબ **<u>આંક–૧૨ થી નિવેદન</u>** નોંધવામાં આવેલ છે. આરોપીએ તેમની સામે આક્ષેપિત ગુન્હાનો ઈન્કાર કરેલ છે અને હાલના કેસની ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવાનું પસંદ કરેલ છે. તેથી, સદર કેસની ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**<u>ફરિયાદ પક્ષે મૌખિક તથા દસ્તાવેજી પુરાવા બાબતઃ–</u>**

(૦૩) ફરિયાદ પક્ષ તરફે તેઓના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

**– :: <u>મૌખિક પુરાવો</u> :: –**

| અ.નં. | | સાહેદ | આંક |
|---|---|---|---|
| ૧. | ફરિયાદી | જોષી દેવાંગ હસમુખભાઈની સરતપાસનું સોગંદનામું. | ૦૪ |

**– :: <u>દસ્તાવેજી પુરાવા</u> :: –**

| અ.નં. | દસ્તાવેજો | આંક |
|---|---|---|
| ૧. | ફરિયાદીની પેઢીનું નાણા ધીરધારનું રજી. સર્ટીફિકેટની નકલ | ૧૮ |
| ૨. | ફરિયાદવાળો અસલ ચેક નં.૨૯૪૨૯૯ | ૧૯ |
| ૩. | અસલ ચેક રીટર્ન મેમો. | ૨૦ |
| ૪. | આરોપીને પાઠવેલ અસલ નોટીસની સ્થળપ્રત. | ૨૧ |
| ૫. | આરોપીને નોટીસ આર.પી.એ.ડી. કર્યાની પોસ્ટની અસલ પાવતી. | ૨૨ |
| ૬. | પોસ્ટનો ટ્રેક રીપોર્ટ | ૨૩ |
| ૭. | આરોપીએ ફરિયાદીની નોટીસનો આપેલ જવાબ | ૨૪ |

ઉપરોક્ત પુરાવો રજુ થયા બાદ ફરિયાદ પક્ષ તરફે **આંક–૨૫** થી પુરાવો પુરો થયા અંગેની ક્લોઝીંગ પુરશીષ રજુ રાખવામાં આવેલ છે.

**ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન તથા પુરાવા બાબતેઃ–**

(૦૪) ફરિયાદ પક્ષના પુરાવા બાદ આ કામ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૧૩ મુજબ આરોપીનું વિશેષ નિવેદન લેવા માટે રાખેલ પરંતુ, યોગ્ય અને પુરતી તક આપવા છતાં આરોપી અત્રેની કોર્ટમાં હાજર ન રહેતા, આરોપીનો એફ.એસ.નો હક્ક બંધ કરેલ છે અને કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**ફરિયાદ પક્ષે દલીલોઃ**

(૦૫) ફરિયાદ પક્ષે વિ.વ.શ્રીએ આંક : ૨૭ થી લેખિત દલીલો રજૂ રાખેલ છે. જેમાં તેઓએ તેમની ફરિયાદ તથા આંક–૦૪ ના સરતપાસના સોગંદનામાં મુજબની હકીકત તેમજ દસ્તાવેજી પુરાવા આધારે રજુઆત કરી વિશેષમાં દલીલ કરેલ છે કે, સદર કામે આરોપી દ્વારા સમગ્ર ટ્રાયલ દરમિયાન આંક : ૧૯ વાળા ચેકના લખાણ બાબતે ચેકને કોઇ પણ પૃથ્થકરણ માટે કે તેના લખાની ખરાઇ કરવા માટે હસ્તાક્ષર નિક્ષ્ણાંત પાસે મોકલી આપવા નામ.કોર્ટમાં કોઇ રજૂઆત કરેલ નથી. વધુમાં, હાલના તકરારી ચેકમાં આરોપીએ આંક : ૧૯ વાળા ચેકના લખાણ તેમજ પોતાની સહી અંગે કોઇ તકરાર લીધેલ નથી અને સદર ચેક ફરિયાદીને કાયદેસના લ્હેણા પેટે જ આપેલ હોઇ તે હકીકત નિ:શંકપણે ફરિયાદપક્ષ પુરાવાર કરી શકેલ છે. વધુમાં, દલીલના સમર્થનમાં નામદાર ઉચ્ચ અદાલતો તેમજ નામદાર સર્વોચ્ચ અદાલતના નીચે મુજબના ચૂકાદાઓનું સમર્થન લીધેલ છે. જે શબ્દસહ ધ્યાને લેવામાં આવેલ છે.

૧. **૨૦૧૦ ક્રી.લો.જ ૨૮૭૧ ઉપર પ્રસિદ્ધ થયેલ ''રંગપ્પા વિરૂદ્ધ મોહન.''**

૨. **૨૦૨૧(૨) એસ.સી. ૫૨૯, નામ.સુપ્રિમ કોર્ટ, ક્રિ.અ.નં.૧૨૩/૨૦૨૩.**

૩. જયંતિલાલ શાહ વિરૂદ્ધ પંકજ મશરૂવાલા, ૧૯૯૬, ક્રિ.લો.જ.૩૦૯૯.

૪. આર.વિજયન વિરૂદ્ધ બેબી ૨૦૧૨(૨) જી.એલ.આર. ૧૩૫૩.

૫. મુસરફ હુસૈન ખાન વિરૂદ્ધ ભાગીરથ એન્જી.લિ. અને અન્ય, એ.આઇ.આર. ૨૦૦૬ એસ.સી.૧૨૮૮.

૬. ક્રિષ્ના જનાર્ધન ભટ્ટ વિરૂદ્ધ દત્તાત્રેય જી.હેગડે ૨૦૦૮(૪) એસ.સી.સી.૫૪.

૭ હિતેન્દ્ર દલાલ વિરૂદ્ધ બી.બેનરજી ૨૦૦૧(૩) ક્રિ.મિસ. ૨૨૦ એસ.સી.

**બચાવ પક્ષે દલીલોઃ**

(૦૬) આરોપી પક્ષને તેમનો બચાવ કરવા કાયદાકીય જોગવાઈઓ મુજબ યોગ્ય અને પુરતી તક આપવામાં આવેલી છે. આરોપી પક્ષે ફરિયાદીની ઉલટ તપાસ કરેલ નથી કે, હાજર રહી તેમનું વિશેષ નિવેદન કે તેમનો કોઈ લેખિત–મૌખિક પુરાવો રજુ કરેલ નથી કે, તેમના બચાવના સમર્થનમાં કોઈ લેખિત–મૌખિક દલીલો પણ કરેલ નથી. આમ, આરોપીને પુરતી તક આપવા છતાં હાજર રહી કામ ચલાવેલ ન હોઈ, નામદાર ઉચ્ચ અદાલતના

**(1) AIR 2014 S.C. 2528 INDIAN BANK ASSO. AND OTHERS V/s UNION OF INDIA.**

**(2) 2016 (0) AIJEL HC 236849 SHARAD JETHALAL SAVLA V/s STATE OF GUJARAT.**

**(3) 2009 (1) BANK MANN 226 (KERALA HIGH COURT) JAIN BABU V/s JOSEPH.**

**(4) SP. CRI. APPL. (QUASHING) NO. 9113/16 ISHWARBHAI JETHALAL HUNARA V/s STATE OF GUJARAT.**

**(5) R/SPECIAL CRIMINAL APPLICATION NO. 6721 of 2023 MANOJ VASUDEV SOMPURA V/s STATE OF GUJARAT.**

**(6) R / SPECIAL CRIMINAL APPLICATION NO. 12712 of 2023 BHOOMI EXIM (PROPRIETARY CONCERN) V/s STATE OF GUJARAT.**

**(7) 2025 (0) AIJEL - MH 2502426 BOMBAY HIGH COURT NAVNEETSINGH GOGIA & ANR. Vs. STATE OF MAHARASHTRA & ANR.**

**(8) CRIMINAL APPEAL NO. 1755 Of 2010 S.C. SANJABIJ TARI Vs. KISHOR S. BORCAR & ANR.**

ચૂકાદાઓમાં પ્રસ્થાપિત થયેલ સિદ્ધાંતો ધ્યાને રાખી તથા **નામદાર ગુજરાત હાઈકોર્ટના સકર્યુલર નંબર સી.૨૬૧૮/૨૦૧૬, તા.૦૫/૦૭/૨૦૧૬** માં આપેલ સૂચનાઓને ધ્યાને રાખી, આરોપી પક્ષે કોઈ હાજર રહેતું ન હોઈ, તેમનો દલીલનો હક્ક બંધ કરવામાં આવેલ છે અને સદર કામ આખરી હુકમ માટે રાખવામાં આવેલ છે.

(૦૭) સદર કેસની હકીકતો ધ્યાને લેતાં કેસના ન્યાયિક નિર્ણય માટે અદાલત સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

૧. શું ફરિયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, ફરિયાદીની કાયદેસરની લ્હેણી રકમની ચૂકવણી પેટે આરોપીએ તેમના ખાતાવાળી આઇ.ડી.બી.આઇ. બેંક, કલોલ શાખાના ખાતા નં.૧૨૮૨૧૦૪૦૦૦૧૨૯૦૨૨ નો તા.૨૦/૦૨/૨૦૨૪ ના રોજનો ફરિયાદીની પેઢીના નામનો રૂા.૬,૦૦,૦૦૦/– પુરાનો ચેક નં.૨૯૪૨૯૯ વાળો ચેક ફરિયાદીને આપેલ અને સદરહું ચેક ફરિયાદીએ તેમની બેંકમાં રજુ કરતાં વણચૂકવ્યો પરત ફરતાં ફરિયાદીએ આરોપીને કાયદેસરની નોટીસ આપવા છતાં સદરહું રકમ નહી ચૂકવી આપી, આરોપીએ ધી નેગોશીયેબલ

ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ – ૧૩૮ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો આચરેલ છે ?

૨. શું હુકમ ?

(૭.૧)મારા નિર્ણય નીચે મુજબ છે.

૧. હકારમાં.

**૨. આખરી હુકમ મુજબ.**

## // કારણો //

(૦૮) આ કામે આરોપી સામે ધી નેગોશીયેબલ ઈન્સ. એક્ટ–૧૮૮૧ ની કલમ – મુજબના ગુન્હાની ફરીયાદ દાખલ કરેલ છે, ત્યારે કલમ–૧૩૮ ના મહત્વના તત્વોમાં એક મહત્વનું તત્વ એ પણ છે કે, આપવામાં આવેલ ચેક કાયદેસરના દેવા યા જવાબદારી અદા કરવાના ભાગરૂપે આપેલ હોય, કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાંત મુજબ ચેક ગિફ્ટ અથવા ડોનેશન પેટે આપેલ હોય યા કોઈ દેવા કે અન્ય જવાબદારીના ભાગરૂપે ડ્રોઅરે પેઈને આપેલ ન હોય તો ચેક ગમે તે કારણસર પરત ફરવાથી ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબનો ગુન્હો બનતો નથી. વધુમાં, ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૯ જોઈએ તો, તેમાં ચેક ધારણ કરનારે ચેક દેવા અથવા અન્ય જવાબદારી ભાગરૂપે ડ્રોઅર પાસેથી મેળવેલ છે તેવું કોર્ટ અનુમાન કરશે સિવાય કે આરોપી વિરૂદ્ધનું પુરવાર કરે, એટલે કે, કલમ–૧૩૯ મુજબનું અનુમાન ખંડનીય છે. કલમ–૧૧૮ જોતાં વટાઉખતના અવેજ, તારીખ, સ્વીકારનો સમય, તબદિલી સમય, શેરાઓના ક્રમ, સ્ટેમ્પ, ધારક યથાક્રમધારક છે તેમ માની લેવા વિશે અનુમાન કરશે. સદર અનુમાન ખંડનીય છે. ઉપરોક્ત જોગવાઈ મુજબ ફરિયાદ પક્ષે એ હકીકત પ્રસ્થાપિત કરવાની રહે છે કે, ચેક લખ્યાની તારીખથી છ માસ (હવે ત્રણ માસ) અથવા ચોક્કસ સમયમર્યાદામાં એ બેમાંથી જે વહેલું હોય તે મુદ્દતમાં તેણે રજુ કર્યો હતો. આ ચેક પોતાના ખાતામાં ભર્યેથી અને પરત આવ્યેથી ૩૦ દિવસમાં રકમ ચૂકવવામાં ચેક લખનાર નિષ્ફળ ગયા બાદ એક મહિનામાં ફરીયાદીએ ફરિયાદ દાખલ કરેલી હતી. સાથે સાથે એ પણ પ્રસ્થાપિત કરવું પડે કે, આવો ચેક કાયદેસરની

જવાબદારી અદા કરવા લખેલ હતો. જે અનુસંધાને ફરીયાદ પક્ષ તરફથી રજુ થયેલ પુરાવો જોવામાં આવે તો **ફરિયાદીએ આ કામે આંક–૧૯ થી અસલ તકરારી ચેક રજુ કરેલ છે તે ચેકમાં તા.૨૦/૦૨/૨૦૨૪ લખેલ છે જે ચેક ફરિયાદીએ પોતાના ખાતામાં ભરતાં આંક–૨૦ ના બેંક રીટર્ન મેમાથી તા.૨૧/૦૨/૨૦૨૪ ના રોજ ''ફંડ્સ ઈનસફિસીયન્ટ'' ના શેરા સાથે વણચૂકવ્યો પરત ફરેલ છે. તેથી, એ હકીકત પ્રસ્થાપિત થાય છે કે, ફરિયાદીએ નિયત સમયમાં ચેક બેંકમાં રજુ કર્યો હતો. સદર ચેક પરત આવ્યેથી ફરિયાદીએ તા.૧૨/૦૩/૨૦૨૪ ના રોજ તૈયાર કરેલી નોટીસ તે જ દિવસે પોસ્ટથી મોકલેલ છે. તે આંક–૨૧ ની નોટીસ તથા આંક–૨૨ ની પોસ્ટ ઓફિસની સફેદ પાવતી પરથી ફલિત થાય છે. જેથી, પ્રસ્થાપિત થાય છે કે, સમયમર્યાદામાં નોટીસ આપેલ છે. સદર નોટીસ તા.૧૩/૦૩/૨૦૨૪ ના રોજ આરોપીને બજી ગયેલ જેનો આરોપીએ ખોટો અને ઉડાઉ જવાબ આપેલ છે. આમ, તા.૧૨/૦૩/૨૦૨૪ ના રોજ નોટીસ ઈશ્યુ કર્યા બાદ સદર નોટીસ તા.૧૩/૦૩/૨૦૨૪ ના રોજ બજતા આરોપીએ સદર નોટીસનો તા.૩૦/૦૩/૨૦૨૪ ના રોજ જવાબ આપેલ. ત્યારબાદ આ કામના ફરિયાદીએ તા.૦૬/૦૪/૨૦૨૪ ના રોજ ફરિયાદ દાખલ કરેલ છે, જે જોતાં ફરિયાદ કાયદાકીય જોગવાઈ મુજબ યોગ્ય રીતે મુદ્દતમાં દાખલ કરેલ છે.**

(૦૯) આમ, સમગ્ર પુરાવો જોતા ટેકનિકલી હાલની ફરિયાદને કોઈ બાધ નડતો નથી પરંતુ, સાથોસાથ કાયદાકીય નિયત કરેલ સિદ્ધાંત મુજબ પ્રથમ તબક્કે ફરિયાદીનો પ્રાઈમાફેસી કેસ, ત્યારબાદ ફરીયાદી તરફેનું કાયદાકીય અનુમાન, ત્યારબાદ આરોપી તરફેનો રીબર્ટલ પુરાવો અને જો આરોપી આવા અનુમાનનો રીબર્ટલ પુરાવો આપે તો ત્યારબાદ વાજબી શંકાથી પર ફરિયાદીએ પ્રસ્થાપિત કરવાનું છે કે, હાલનો ચેક આરોપી દ્વારા તેઓની કાયદેસરની જવાબદારી અદા કરવા માટે આપવામાં આવ્યો હતો અને કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાંતો મુજબ હાલની ફરિયાદને કોઈ બાધ નડતો નથી. જે સંબંધે બચાવ પક્ષે લેવામાં આવેલ તકરારો અને રજુ થયેલ પુરાવાઓનું એકસાથે મૂલ્યાંકન કરવું જરૂરી બને છે.

**ફરીયાદ પક્ષ તરફે રજુ મૌખિક પુરાવોઃ**

(૧૦) સદર કામે ફરિયાદીએ હાલની ફરિયાદ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ – ૧૩૮ મુજબ કરેલ છે. ફરિયાદીએ કરેલી ફરિયાદ તથા સાથે રજુ દસ્તાવેજો અનુસંધાને પ્રથમ દર્શનીય પુરાવો જણાતા આરોપી વિરૂદ્ધ સમન્સ ઈસ્યુ કરવામાં આવેલ છે. આરોપીને સમન્સની બજવણી થતાં આરોપી હાજર થતાં આરોપીને કેસની નકલો પુરી પાડ્યા બાદ આરોપીનો જવાબ લઈ આરોપીને ગુન્હો કબૂલ નથી તેમ જણાવતાં કેસનું કામ આગળ ચલાવવામાં આવેલ છે. ફરિયાદીએ તેમના કેસના સમર્થનમાં **આંક–૦૪** થી સરતપાસનું સોગંદનામું ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ – ૧૪૫ મુજબ રજુ કરેલ છે. ફદિરયાદીએ તેમની સરતપાસના સોગંદનામાંની સાથે **આંક–૦૩** ના દસ્તાવેજી લીસ્ટથી દસ્તાવેજો રજુ કરેલ છે, જે આ કામે **આંક–૧૮** થી **આંક–૨૪** મુજબના રજુ છે. ફરિયાદીની સરતપાસનું સોગંદનામું રજુ થયા બાદ સદર કામ ફરિયાદીની ઉલટ તપાસ માટે રાખેલ પરંતુ, આરોપી તેમજ તેમના તરફે કોઇ હાજર ન હોઇ, જેથી ફરિયાદીના વકીલશ્રી દ્વારા અરજી રજૂ કરી આરોપીનો ફરિયાદીની ઉલટ તપાસનો હક્ક બંધ કરવા રજૂઆત કરેલ. આમ, સદર કામે આરોપીને ફરિયાદીની ઉલટ તપાસ કરવા પુરતી તકો આપેલ હોવા છતાં આરોપી પોતે હાજર રહેલ નથી કે તેમના તરફે કોઇ વકીલશ્રી હાજર રહેલ નથી. જેથી, અત્રેની કોર્ટ દ્વારા આરોપીનો ફરિયાદીની ઉલટ તપાસનો હકક બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ છે. ફરિયાદીની ફરિયાદ હકીકતને રીબર્ટ કરતો કોઈ જ પુરાવો આરોપી પક્ષે રજુ કરેલ નથી. ત્યારબાદ ફરિયાદીએ તેમને કોઈ વધુ પુરાવો આપવો નથી તેવું જાહેર કરતાં, સદર કામ એફ.એસ. માટે રાખવામાં આવેલ છે પરંતુ, આરોપી કે તેમના વિ.વ.શ્રી હાજર રહેતા ન હોઈ, તેઓનો એફ.એસ.નો તેમજ પુરાવાનો હક્ક ન્યાયના હિતમાં બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ ફરિયાદી તરફે મૌખિક દલીલો કરેલ છે, જે ધ્યાને લીધેલ છે. જ્યારે આરોપી પક્ષે દલીલો માટે કોઇ હાજર ન રહેતા તેમનો દલીલનો હક્ક બંધ કરવામાં આવેલ છે.

(૧૧) સદર કામે આરોપીએ હાજર રહી ફરિયાદીની કોઈ ઉલટ તપાસ કરેલ નથી કે તેઓનો કોઈ સ્વતંત્ર મૌખિક કે લેખિત પુરાવો આપેલ નથી તે ધ્યાને લેતાં, ફરિયાદ પક્ષે રજુ સરતપાસનું સોગંદનામું તેમજ રજુ કરેલ સંલગ્ન દસ્તાવેજો બાબતે ફરિયાદ પક્ષની દલીલ વિગેરે ધ્યાને રાખી જોતાં તકરારી ચેક, રીટર્ન

મેમો, નોટીસ, નોટીસ આપવા બાબતના પોસ્ટ ખાતાના દસ્તાવેજો વિગેરે દસ્તાવેજો અનુસંધાને કોઈ જ ઉલટ તપાસ થયેલ નથી કે, તેવા દસ્તાવેજોને ઉલટ તપાસ અથવા અન્ય પુરાવાથી પડકારેલ હોવાનું પણ જણાઈ આવતું નથી. સદર કામે ફરિયાદ પક્ષે રજુ કરેલ ફરિયાદવાળા વ્યવહાર પેટેના ઉપરોક્ત દસ્તાવેજો જેવા કે તકરારી અસલ ચેક તથા રીટર્ન મેમો ધ્યાને લેતાં, આરોપીએ ફરિયાદીને તકરારી ચેક આપેલાનું અને સદર ચેક બેંકમાંથી બાઉન્સ થયેલાનું જણાઈ આવે છે. ફરિયાદીએ ત્યારબાદ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ મુજબની નોટીસ નિયત સમયમર્યાદામાં આરોપીને મોકલેલાનું રજુ નોટીસ તથા પોસ્ટ ઓફિસના દસ્તાવેજો ઉપરથી ફલિત થાય છે. વધુમાં, આરોપી દ્વારા ફરિયાદીને હાલનો તકરારી ચેક આપેલાનું માની શકાય તેમ છે કારણ કે, આરોપી પક્ષે કોઈ વિરૂદ્ધની હકીકત રજુ કરેલ નથી, તેવા સંજોગોમાં ફરિયાદીની સરતપાસ મુજબની હકીકતો અને રજુ દસ્તાવેજો કાયદા મુજબ ન માનવાને કોઈ કારણ નથી.

(૧૨) સદર કામે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ -૧૩૮ ની જોગવાઈઓ મુજબ ફરિયાદીએ યોગ્ય રીતે ફરિયાદ દાખલ કરેલ છે. ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૧૮ મુજબનું અનુમાન પણ ફરિયાદ પક્ષે રજુ કરેલ દસ્તાવેજ બાબતે કરવાનું રહે છે. ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ -૧૩૯ મુજબ કાયદેસરના લ્હેણાં બાબતનું અનુમાન ફરિયાદીની તરફેણમાં કરવાનું હોય છે. જો કે, અનુમાન ખંડનીય એટલે કે, આરોપી પક્ષ સદર કાયદેસરના અનુમાનને રીબર્ટ કરી શકે છે. વળી, આરોપીએ તેમનો ખંડનાત્મક પુરાવો નિઃશંકપણે આપવાનો હોતો નથી પરંતુ, પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટીથી રજુ કરવાનો હોય છે. આમ, ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ -૧૩૯ મુજબ કાયદેસરના લ્હેણાં બાબતે આરોપીએ ફરિયાદીને ચેક આપ્યો છે, તેવું કાયદાકીય અનુમાન કરવાની જોગવાઈ છે અને હાલના કેસમાં આરોપી પક્ષે કોઈ રીબર્ટલ પુરાવો આપેલ નથી, તેવા સંજોગોમાં ફરિયાદીની તરફેણનું કાયદાકીય અનુમાન અસ્તિત્વમાં રહે છે . વધુમાં, નામદાર સુપ્રિમ કોર્ટના ચૂકાદાઓ **(1) રંગપ્પા વિરૂદ્ધ શ્રીમોહન , ૨૦૧૦ (૩) ક્રાઈમ્સ (એસ.સી.) ૪૦, (2) મેસસ કલામણી ટેક્ષ અને બીજાઓ વિરૂદ્ધ પી. બાલાસુબ્રમણીયમ , ક્રિમીનલ અપીલ નં.૧૨૩/૨૦૨૧ (સુપ્રિમ કોર્ટ)**

**તારીખ ૧૦/૦૨/૨૦૨૧ (૩) રાજેશ જૈન વિરૂદ્ધ અજયસિંઘ ૨૦૨૩ (૧૦) એસ.સી.સી. ૧૪૮ તથા (4) શૈલેષ ખીમચંદભાઈ ગાગલાણી વિરૂદ્ધ સ્ટેટ ઓફ ગુજરાત, સ્પે. ક્રિમીનલ એપ્લીકેશન (ક્વોશિંગ) નં.૯૮૭/૨૦૨૪ ગુજરાત હાઈકોર્ટ (૨૩/૦૧/૨૦૨૪)** માં પ્રસ્થાપિત થયેલ સિદ્ધાંતો ધ્યાને લેતાં, કાયદેસરના લ્હેણાં બાબતનું અનુમાન ફરિયાદીની તરફેણમાં કરવાનું હોય છે પરંતુ, જો આરોપી ખંડનાત્મક પુરાવો આપે તો ત્યારબાદ ફરિયાદીએ તેમનો કેસ નિઃશંકપણે પુરવાર કરવો પડે છે. જો કે આરોપીએ પુરાવો આપવાનું ધોરણ ફરિયાદી જેટલું સ્ટ્રીક નથી પરંતુ, કોઝન્ટ એવીડન્સ રજુ કરી વાજબી શંકા ઉભી કરવાની હોય છે. આરોપીએ તેમનો આવો વાજબી શંકા ઉભો કરતો પુરાવો રજુ કરવા માટે વીટનેસ બોક્ષમાં પણ આવવાની જરૂર નથી. ફરિયાદ પક્ષે રજુ કરેલ મૌખિક તેમજ લેખિત પુરાવા આધારે પણ રીબર્ટલ પુરાવો આપી શકે છે. હાલના કેસમાં અગાઉ ચર્ચા કર્યા મુજબ આરોપીએ જાતે કે તેમના વિ.વ.શ્રી મારફતે હાજર રહી ફરિયાદ પક્ષના પુરાવા દ્વારા કે, પોતાનો કે પોતાના સાક્ષીનો કોઈ લેખિત કે, મૌખિક પુરાવો રજુ કરી, કોઈ રીબર્ટલ પુરાવો રજુ કરેલ નથી, તેવા સંજોગોમાં ફરિયાદ પક્ષે રજુ કરેલ ફરિયાદ, સરતપાસનું સોગંદનામું, રજુ દસ્તાવેજો, દલીલો નામદાર ઉચ્ચ અદાલતના ચૂકાદાઓમાં પ્રસ્થાપિત થયેલ સિદ્ધાંતો વિગેરે ધ્યાને રાખી, **મુદ્દા નં.૧ નો જવાબ હકારમાં** આપી, ન્યાયના હિતમાં **મુદ્દા નં.૨** બાબતે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**// આખરી હુકમ //**

➔ આ કામના **આરોપી – ઈરફાન મહમ્મદહુસૈન મલેક,** રહે. નાનો મલેક વાસ, એન.કે ચોક પાસે, મુ.તા. કલોલ, જી.ગાંધીનગરવાળાને **ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮** મુજબના ગુન્હામાં **ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૫૫(૨)** હેઠળ તકસીરવાન ઠરાવી **૦૨ (બે)** વર્ષની સાદી કેદની સજા કરવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

➔ આ કામના આરોપીએ ફરિયાદીને **ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૫૭(૩)** અન્વયે ફરિયાદવાળા ચેકની **દોઢી રકમ રૂા.૯,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા નવ લાખ પુરા)** હુકમ તારીખથી દિન–૩૦ માં વળતર તરીકે ચૂકવી આપવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી સદર રકમ ચૂકવવામાં

કસૂર કરે તો, આરોપીએ વધુ **૦૬ (છ)** માસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

➔ આરોપીને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૪૨૮ અન્વયે ટ્રાયલ દરમિયાન ભોગવેલ સજા મજરે આપવી.

➔ આ કામના આરોપી હાજર ન હોઈ, આરોપી વિરૂદ્ધ નોન–બેઈલેબલ વોરંટ ઈસ્યુ કરવું.

હુકમ આજ તારીખ **૦૮,** માહે **જુન,** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

| | |
|---|---|
| તા.૦૮.૦૬.૨૦૨૬. | **( નરેન્દ્રકુમાર જેઠાલાલ નાયી )** |
| સ્થળ: કલોલ. | **અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,** |
| | **મુ. કલોલ, જી. ગાંધીનગર.** |
| | **UIC No. GJ 00894** |